## જન્મદિને વધામણી



**ભરતકુમાર સી શાહ**
**મો. ૯૮૨૪૬ ૧૯૪૫૧**

# સાત કિલોમીટરના નેશનલ હાઈવે પર ચાર ઓવરબ્રીજ માટે ૭૦૦ કરોડ ખર્ચાશે

## ઓવરબ્રીજ હાઈવેના ૮૩૦ થી ૯૧૦ મીટર વચ્ચે હશે : સાબર ડેરીથી કાંકણોલ સુધીનો અકસ્માત ઝોન સલામત બનશે

હિંમતનગર, તા. ૧૧

દિલ્હીથી મુંબઈ જતા નેશનલ હાઈવે ૮નું કેન્દ્રની હાઈવે ઓથોરીટી દ્વારા વિસ્તૃતીકરણ કરાઈ રહ્યું છે. ત્યારે આ નેશનલ હાઈવે પર આવતા હિંમતનગરના કાંકણોલથી સાબરડેરી વચ્ચે સાત કિલોમીટરના વિસ્તારમાં લોકોની સલામતી અને હાઈવે ટ્રાફિક વધુ સુચારૂ બને તે આશયથી રૂ. ૭૦૦ કરોડના ખર્ચે ચાર ઓવરબ્રીજ બનાવાશે. જેના કારણે અકસ્માત ઝોન તરીકે ઓળખાતો આ વિસ્તાર આગામી બે વર્ષમાં સલામતી ઝોનમાં ફેરવાઈ જશે.

આ અંગે આધારભુત સુત્રોમાંથી મળતી માહિતી મુજબ નેશનલ હાઈવે ૮ પૈકીના ગુજરાતની હદમાં આવતા રતનપુરથી મોટા ચિલોડા વચ્ચેના રોડના વિસ્તૃતીકરણનું કામ ઘણા વખતથી ધમધોકાર ચાલી રહ્યું છે. આ નેશનલ હાઈવે જ્યારે સિક્સલેન બનશે ત્યારે તેની પહોળાઈ અંગે અહીંથી પસાર થતા વાહનચાલકો કલ્પના કરીને અચંબામાં મુકાઈ જાય છે.

તો બીજી તરફ હાઈવે ક્રોસ કરવા માટે નેશનલ હાઈવે ઓથોરીટીએ વર્ષો અગાઉ સર્વે કર્યા બાદ તથા ટ્રાફિકના ભારણને ધ્યાનમાં રાખી ઓવરબ્રીજ, અંડરબ્રીજ તથા હેવી અને લાઈટ વ્હીકલ માટે અલાયદી વ્યવસ્થા કરાઈ છે. તથા શહેરી વિસ્તારમાંથી પસાર થતા નેશનલ હાઈવે માટે અલગથી ઓવરબ્રીજ તથા અંડરબ્રીજની ડિઝાઈન તૈયાર કરાઈ છે. જેમાં નેશનલ હાઈવે ૮ પરના ૮૩૦ મીટરથી ૯૧૦ મીટર વચ્ચે આવતા સાબરડેરીથી કાંકણોલ સુધીના સાત કિલોમીટર વિસ્તારનો સમાવેશ થઈ જાય છે. આ હાઈવે પર સાબરડેરીથી કાંકણોલ વચ્ચે ચાર ઓવરબ્રીજ તૈયાર થઈ ગયા બાદ અતિ વ્યસ્ત રહેતા આ વિસ્તારમાં ટ્રાફિકનું ભારણ મટી જશે જેના લીધે અકસ્માત ઝોન તરીકે ઓળખાતા આ વિસ્તાર માટે રૂ. ૭૦૦ કરોડનો ખર્ચ પૂર્ણ થયા બાદ તે વાહનચાલકો માટે સલામત ઝોન બની જશે. ઉપરાંત શામળાજીથી ચિલોડા થઈ મોટા ચિલોડા સુધીના હાઈવે પર અનેક ફ્લાયઓવર, અંડરબ્રીજ તથા અન્ય નાના ગરનાળા બનાવાશે. જેના લીધે સ્થાનિક પ્રજાને રોડ ક્રોસ કરવામાં મુશ્કેલી નહી પડે તેમ છતાં એક તરફથી બીજી તરફ વાહન લઈને જવું પડશે તો તેના માટે થોડોક સમય અને પ્રવેશદ્વાર સુધી જવુ પડશે.

# તલોદમાં નવનિર્મિત શોપીંગ સેન્ટરની ૮૨ દુકાનોના શટર ઉત્તરાયણ બાદ ખુલશે

તલોદ, તા. ૧૧

સાબરકાંઠા જિલ્લાના તાલુકા મથક તલોદ નગરની મધ્યમાં નગરપાલિકાએ કરોડો રૂપીયાના ખર્ચે બનાવેલા શોપીંગ સેન્ટરની ૮૨ દુકાનોના શટર હવે ઉત્તરાયણ બાદ ધનારક/કમુરતા ઉતરે પછી ખુલશે તેવા સમાચાર આધારભુત સૂત્રોમાંથી મળેલ છે. અંદાજીત રૂ. ૧૦ કરોડની મનાતી આ મિલ્કત છેલ્લા ૧૦ વર્ષથી કાયદાની અટપટી આંટીઘૂંટીઓમાં અટવાઈને ઉભી હતી. આખરે તેના સરકારે નક્કી કરેલા ભાડાના દર બાબતે પણ સરકારે ભૂલ કરીને વર્ષનું ભાડુ ૧ મહિનાનું નક્કી કર્યુ હતુ. જેથી ભારે અસંમજસની સ્થિતિ પેદા થઈ હતી. જેની નોંધ આ અખબારે લેતા તેના ઘેરા પ્રત્યાઘાતો પડતાં સરકારે દુકાનોના ભાડાં દરની વિસંગતતા દૂર કરી છે. જેથી હવે અહીંયા વેપારીઓને ગ્રાઉન્ડ ફ્લોર ઉપરની દુકાન વર્ષે રૂ. ૧૨૦૦૦ના ભાડા દરથી અને ફર્સ્ટ ફ્લોરની દુકાન વાર્ષિક રૂ. ૧૦,૦૦૦ના ભાડા દરથી મળશે.



તસવીર : દશરથ વણઝારા

ઉલ્લેખનીય છે કે તલોદ બજારની મધ્યમાં નગરપાલિકાએ સિટી સર્વે નં. ૨૫૦૩ અને ૨૫૦૪માં આઈડીએસએમટી યોજના અને સ્વભંડોળ થકી ૧૦ વર્ષ પહેલા એક તોતીંગ શોપીંગ સેન્ટર ઉભુ કર્યુ હતુ. આ શોપીંગ સેન્ટરની કુલ ૮૨ દુકાનોની ભાડે પટ્ટે આપવાની હરાજી કોઈક અગમ્ય કારણોસર થવા પામી ન હતી. જેથી ૧૦ વર્ષથી ખેતરના ચાડીયાની જેમ આ ૮૨ દુકાનોવાળુ શોપીંગ સેન્ટર તલોદ બજારમાં ઉભુ છે. તેની હરાજીના મામલાની ફાઈલો રાજ્ય સરકારની કચેરીઓના ટેબલ ઉપર અહીં તહી ફરતી રહી હતી. બીજી તરફ વેપારીઓ આ શોપીંગ સેન્ટરની ૮૨ દુકાનોની ભાડાપટ્ટાની હરાજી ક્યારે થશે તે માટે કાગડોળે રાહ જોતા હતા. જેની પ્રક્રિયા અન્વયે નગરપાલિકાએ પુનઃ અહીંની ગ્રાઉન્ડફ્લોરની દુકાનોનું વાર્ષિક ભાડુ રૂ. ૧૨૦૦૦ અને ફર્સ્ટ ફ્લોરની દુકાનોનું વાર્ષિક ભાડુ રૂ. ૧૦,૦૦૦ ઠરાવીને તેની દરખાસ્ત મંજૂરી માટે રાજ્યના શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગને કેટલાક સમય પહેલાં મોકલી હતી. પરંતુ તેમાં સરકારની ગફલતથી વાર્ષિક ભાડાને બદલે માસિક ભાડુ રૂ. ૧૨૦૦૦ અને ૧૦૦૦૦ મુજબ વસુલ કરવા આદેશ કર્યો હતો. પરિણામે ફરી પાછી કિનારે આવેલી નાવ ડૂબી જાય તેવી સ્થિતિ થવા પામી હતી અને હરાજીનો મામલો પુનઃ ગતિ ચૂકી ગયો હતો.

બાદ નગરપાલિકાએ ભાડા દરની ભુલમાં સુધારો કરવા લેખિત રજૂઆત કરી હતી. જે અન્વયે ગત તા. ૧-૧-૨૦૧૯ના રોજથી સરકારના સંબંધિત વિભાગે ભુલ સુધારીને વાર્ષિક ભાડુ રૂ. ૧૨૦૦૦ અને ૧૦,૦૦૦ મુજબ વસુલવાનો હુકમ કરેલ છે.

જેથી હવે આગામી દિવસોમાં આ ૮૨ દુકાનોના ભાડાપટ્ટા માટેની હરાજી થશે. આમ થવાથી તલોદ બજારના મોટા ભાગના કથિત ગે.કા. કેબીન, ગલ્લાઓની સમસ્યા મહદ્અંશે ટળી જશે અને જો નગરપાલિકાના સત્તાધિશોની નિયત સાફ હશે તો તલોદમાં બહુચર્ચિત લારી-ગલ્લાના બેફામ અને બેરોકટોક બનેલા દબાણો પણ દૂર થશે.

## મતદાન જાગૃતિ કાર્યક્રમ યોજાયો

હિંમતનગર, તા. ૧૧

હિંમતનગરની કેળવણી મંડળી સંચાલીત આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ ખાતે જિલ્લા ચૂંટણી વિભાગ દ્વારા મતદાન જાગૃતી કાર્યક્રમનું તાજેતરમાં આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં એનએસએસ વિભાગના સ્વયંસેવકો તથા કોલેજ પરીવાર ઉપસ્થિત રહ્યો હતો. આ કાર્યક્રમમાં ચૂંટણી કાર્ડની અગત્યતા અંગે સમજ આપવામાં આવી હતી.

## મહીલા કોલેજમાં અવેરનેસ સેમિનાર યોજાયો

હિંમતનગર, તા. ૧૧

સાબરકાંઠા જિલ્લા પોલીસતંત્ર દ્વારા સાયબર ક્રાઈમના ગુના બનતા અટકાવવાના આશયથી તાજેતરમાં હિંમતનગરના મહેતાપુરા વિસ્તારમાં આવેલ એસબી મહીલા આર્ટસ કોલેજ ખાતે સાયબર ક્રાઈમ અવેરનેસ સેમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં વિદ્યાર્થીઓને સાયબર ક્રાઈમના ગુનાઓ અંગે માહિતી આપી તેનાથી બચવા માટે માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.




## ખેડબ્રહ્મા શહેરમાં કરૂણા અભિયાન અંતર્ગત પક્ષી બચાવો રેલી યોજાઈ

ખેડબ્રહ્મા નોર્મલ રેન્જ અને વિસ્તરણ રેન્જ તથા તાલુકા વહીવટીતંત્ર દ્વારા કરૂણા અભિયાન ૨૦૧૯ ઉત્તરાયણ પર્વ પર પક્ષીઓનો દોરીથી બચાવ થાય તે માટે લોકોમાં જાગૃતિ આવે તે માટે રેલીનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમ જે.ડી. પટેલ હાઈસ્કૂલના બાળકો દ્વારા પક્ષી બચાવોના બેનર અને સુત્રોચ્ચાર કરી પક્ષી બચાવોનો સંદેશ આપવામાં આવ્યો હતો. આ રેલીમાં આરએફઓ વી.આર. ચૌહાણ તથા સ્ટાફ અને શાળા પરિવાર જોડાયા હતા. જે રેલી શહેરના વિવિધ માર્ગો પર ફરી પરત ફરી હતી.

## પ્રજાપતિ સમાજનું ગૌરવ



ગાંધીનગર જિલ્લાના માણસા તાલુકાના ગુલાબપુરા ગામના વતની અને નાથીબા કોમર્સ મહિલા કોલેજ, ગાંધીનગર ખાતે સહાયક અધ્યાપક તરીકે ફરજ બજાવતા રાકેશકુમાર અંબાલાલ પ્રજાપતિએ ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીની પીએચ.ડી.ની ડિગ્રી પ્રાપ્ત કરી છે.



આજરોજ મધ્યાહન ભોજન યોજનાના એક લાખ કર્મચારીઓના હિતમાં ન્યાય અપાવવા માટે સે. ૬ સત્યાગ્રહ છાવણી ખાતે પ્રતિક ઉપવાસ પર બેસવાના હતા. તે સમયે યોજનાના મંડળના પ્રમુખ ચંદનસિંહ વાઘેલા, ઉપપ્રમુખ મહેન્દ્ર પંચાલ, ઈશ્વરભાઈ જોષી, સોમાજી ઠાકોર, સુરેશભાઈ બારોટ સહિતના કાર્યકરોની પોલીસે અટકાયત કરી લઈ ગયા હતા.

## કાંકરેજ તાલુકા પંચાયતના પ્રોબેશનલ ટીડીઓનો વિદાય સમારંભ યોજાયો

કાંકરેજ, તા. ૧૦

આજરોજ ગુરુવારે કાંકરેજ તાલુકા પંચાયતમાં ૪૫ દિવસના પ્રો.પિરિયડ માટે આવેલા કુસુમબેન



પ્રજાપતિને આજે ૪૫ દિવસ પુરા થતા કાંકરેજ ટી.ડી.ઓ. અનિલભાઈ ત્રિવેદી દ્વારા બહેનનો વિદાય સમારંભ યોજવામાં આવ્યો હતો.

કુસુમબેન પ્રજાપતિ ડે. કલેકટર હોવાથી તેઓને ટ્રેનિંગ માટે કાંકરેજ તાલુકા પંચાયત મુકવામાં આવ્યા હતા. તેઓએ ૪૫ દિવસનો પિરિયડ પૂરો થતાં તાલુકા પંચાયતના તમામ કર્મચારીઓએ વિવિધ મુમેન્ટ આપી વિદાય આપી હતી. આ પ્રસંગે કાંકરરજ મામલતદાર સજ્જનસિંહજી ચૌહાણ, કાંકરેજ ટી.ડી.ઓ. અનિલભાઈ ત્રિવેદી, વર્ધિલાલ મકવાણા, પ્રમુખ કાંકરેજ તા.પં, માહિપતસિંહ વાઘેલા, ઉ.પ. કાંકરેજ તા. પં., તલાટી મંડળ રણાવાડા જા. સંરપચ પતિ અબારામભાઈ રાવલ પણ ઉપસ્થિત રહી વિદાય આપી હતી.

# પ્રાંતિજ ખાતે ભારતીય કિસાન સંઘ દ્વારા બે જગ્યાએ આવેદનપત્ર આપ્યું

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ ખાતે ભારતીય કિસાન સંઘ દ્વારા આ વર્ષે પડેલ ઓછા વરસાદને લઈને પ્રાંતિજ તાલુકાને અસરગ્રસ્ત જાહેર કરવા માટે પ્રાંતિજ મામલતદાર તથા પ્રાંન્ત કચેરીઓમાં આવેદનપત્ર આપ્યું હતી.

ભારતીય કિસાન સંઘ દ્વારા પ્રાંતિજ તાલુકામાં સૌથી ઓછો પડેલ વરસાદ તથા ચોમાસાની સિઝનમાં ૧૨ ઈંચથી પણ ઓછો વરસાદ થયેલ છે. જે ચારસો મી.મી.થી ઓછો વરસાદ પડેલ છે જે સરકારના નિતિનિયમો મુજબ ૪૦૦ મીલીથી ઓછો વરસાદ હોય તેમજ પ્રાંતિજ તાલુકામાં પડેલ વરસાદ સિંચાઈ વિભાગના વરસાદી આંકડા મુજબ ૩૪૧મી.મી.થી ઓછો વરસાદ હોય તો પ્રાંતિજ તાલુકામાં ઓછો વરસાદ થયેલ હોય પ્રાંતિજ



તાલુકાને અસરગ્રસ્ત જાહેર કરવા કાર્યવાહી પ્રાંતિજ મામલતદાર ખાતે નાયબ મામલતદાર ડી.એલ. રાઠોડ તથા પ્રાંન્ત કચેરી ખાતે હરેશભાઈ પરમારને આવેદનપત્ર આપવામાં આવ્યું હતું. આ પ્રસંગે મહંત સુનીલદાસજી મહારાજ, ભારતીય કિસાન સંઘના પ્રમુખ પટેલ ઈશ્વરભાઈ એમ., મંત્રી સહિત કાર્યકરો ખેડૂતો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યાં હતાં.

# ધાનેરા નગરપાલિકાના સત્તાધીશોએ સફાઈ કામદારોનું સન્માન કર્યુ

ધાનેરા માં નગરપાલિકા દ્વારા સ્વચ્છ ભારત અભિયાન અંતર્ગત સફાઈ કામદારોની કામગીરીને પ્રોત્સાહન આપવામાં આવ્યું હતું અને તમામ સફાઈ કામદારોનું સાલ ઓઢાડી સન્માન પણ કર્યુ હતું.

ધાનેરા નગરપાલિકા સેનીટેશન શાખા દ્વારા મહાત્મા ગાંધી સ્વછતા મિશન સ્વચ્છ ભારત અભિયાન અંતર્ગત સ્વચ્છતા સર્વક્ષણ-૨૦૧૯ અન્વયે ધાનેરા નગરપાલિકાના સફાઈ કામદારોએ સારી કામગીરી કરવા બદલ દરેક મુકાદમ ડ્રાયવર તથા સફાઈ કામદારોનું પાલિકા પ્રમુખ બળવંતભાઈ બારોટ, ચેરમેનશ્રીઓ તથા તમામ સદસ્યોએ ભેગા મળી સાલ ઓઢાડી સન્માન કર્યું હતું અને સફાઈ કામદારો સહીત શહેરીજનોને



પણ સફાઈ ના સપથ લેવડાવ્યા હતા તથા ધાનેરામાં જાહેર સ્થળો ઉપર સ્વચ્છતાના બેનરો પણ લગાવવામાં આવ્યા હતા. દરેક ગામ તેમજ શહેરમાં સફાઈ કરતા કામદારોની કદર કરી ધાનેરા પાલિકા ધ્વરા જે સફાઈ કામદારોનું સન્માન કરવામાં આવ્યું હતું.

## કંપની સમાચાર

# ‘સાઈકલ અગરબત્તી’ દ્વારા સેન્ડલમ અગરબત્તીઝ લોન્ચ




દેશના મૈસુર સ્થિત એનઆર ગ્રૂપ દ્વારા નિર્મિત અને ભારતમાં લાખો ઘરોમાં સૌથી વધુ પસંદગી પામતી સાઈકલ બ્રાન્ડ સાઈકલ પ્યોર અગરબત્તીઝ દ્વારા પ્યોર ફ્રેગરન્સ ઈન્ફ્યુઝન સિસ્ટમ (પીએફઆઈએસ) સક્ષમ ‘સેન્ડલમ અગરબત્તીઝ’ ગુજરાતમાં લોન્ચ કરી છે. સાઈકલ પ્યોર અગરબત્તીઝના મેનેજિંગ ડિરેક્ટર અર્જુન રંગાએ ન્યુ એજ ટેકનોલોજી સાથે સાઈકલ પ્યોર અગરબત્તીઝ રજૂ કરી, જેમાં અગરબત્તીની એક સ્ટીક બે અગરબત્તીનો પાવર ધરાવે છે.

સાઈકલ પ્યોર અગરબત્તીઝના મેનેજિંગ ડિરેક્ટર અર્જૂન રંગાએ કહ્યુંહતું ‘અગરબત્તી માર્કેટમાં પુરોગામી હોવાની સાથે અમે બદલાતા સમયની આવશ્યકતાઓ પણ ઓળખીએ છીએ. માર્કેટમાં સ્થાપિત રહેવા અમે અમારી પ્રોડક્ટ્લમાં વપરાયેલા ફૂલોનો ઉપયોગ કરીએ છીએ અને એ ફૂલો વિવિધ મંદિરોમાંથી મેળવીએ છીએ, જે ફૂલો સામાન્ય રીતે આપણા જળાશયોમાં પધરાવી દેવાતા હોય છે અને પાણી પણ દૂષિત થતું હોય છે. ટેકનોલોજીની દષ્ટિએ અમે પીએફઆઈએસની રજૂઆત કરી છે જે ભારતમાં ઘરોમાં પૂજાના સ્થળોએ બદલાતી રીત અનુસાર અમે પણ પરિવર્તન કર્યુ છે. આ ઈનોવેશન્સથી અમને વિશ્વાસ છે કે અમારી પ્રોડક્ટ અમારા ગ્રાહકો માટે સુગંધી વાતાવરણ સર્જશે અને પવિત્રતાનો અનુભવ વધારશે.’

આ બ્રાન્ડ દ્વારા તેના હોમ વર્શિપ સેગમેન્ટમાં વધારો કરાયો છે જેમાં આ ઈનોવેટિવ અને યુઝર ફ્રેન્ડલી પ્રોડક્ટ્સ સામેલ છે. નવી ઓફરમાં અમે ગ્રાહકોની પૂજા માટે તમામ આવશ્યકતાઓ પ્યોર અને સુગંધી અનુભવ સાથે પ્રોડક્ટ્સ રજૂ કરીએ છીએ. પ્રોડક્ટ્સ માર્કેટ ઉપરાંત વેબસાઈટ https://www.cycle.in પરથી પ્રાપ્ત કરી શકાશે.

## વિશ્વાસ આપ્યો

● **અનુસંધાન પહેલાનું ચાલુ**

અમે રામ મંદિર બનાવવા માટે કટિબદ્ધ છીએ તેની અમે ખાતરી આપીએ છીએ.કેટલાક સમયથી ઘણા લોકો જામીન ઉપર ફરી રહ્યા છે. તેમના ઉપર ઈન્કમટેક્સના ૬૦૦ કરોડ રૂપિયા બાકી છે. આ પ્રકારના લોકો આજે મોદી પર ભ્રષ્ટાચારના આક્ષેપ કરી રહ્યા છે. કોંગ્રેસ પાર્ટી રાફેલ ડિલને લઈને ભ્રષ્ટાચારના આક્ષેપ કરી રહી છે. દરેક રક્ષા સોદાબાજીમાં દલાલી થઈ હતી. હવે મિશેલ મામા પકડાઈ ચુક્યા છે. અમિત શાહે સરકારની સિદ્ધિઓનો ઉલ્લેખ કરતા કહ્યું હતું કે, છેલ્લા પાંચ વર્ષના ગાળામાં ૫૦થી વધારે ઐતિહાસિક ચુકાદા આવ્યા છે.

## ગઠબંધન

● **અનુસંધાન પહેલાનું ચાલુ**

યાદવ પત્રકાર પરિષદ યોજનાર છે. જેમાં મહત્વના નિર્ણયની જાહેરાત કરવામાં આવનાર છે. પત્રકાર પરિષદ આવતીકાલે બપોરે ૧૨ વાગે યોજનાર છે. જેમાં બેઠકોની વહેંચણીના સંબંધમાં પણ જાહેરાત કરવામાં આવી શકે છે. ઉત્તરપ્રદેશની રાજનીતિ માટે આવતીકાલનો દિવસ નિર્ણાયક બની શકે છે. ઉત્તરપ્રદેશના રાજકીય ઈતિહાસમાં આવુ પ્રથમ વખત થઈ રહ્યુ છે જ્યારે બે દિગ્ગજ નેતા માયાવતી અને અખિલેશ એક સાથે મિડિયાની સામે આવનાર છે. તમામ પત્રકારોને આમંત્રણ આપી દેવામાં આવ્યુ છે. સમાજવાદી પાર્ટીના નેતા રાજેન્દ્ર ચોધરી અને બસપના રાષ્ટ્રીય મહાસચિવ સતીશ ચન્દ્ર મિશ્રા તરફથી તમામને આમંત્રણ આપી દેવામાં આવ્યુ છે.આ પહેલા રામ મંદિર આંદોલનના ગાળા દરમિયાન ૧૯૯૩માં સપા અને બસપનાની સાથે મળીને ચૂંટણી લડી હતી. ત્યારે રાજ્યમાં ગઠબંધન સરકાર બનાવી હતી. આ પ્રેસ કોન્ફરન્સમાં કોંગ્રેસ પાર્ટીને સામેલ ન કરવાનો નિર્ણય કરવામાં આવ્યો છે. આનો અર્થ એ થયો કે કોંગ્રેસ મહાગઠબંધનનો હિસ્સો બનનાર નથી. ઉત્તરપ્રદેશમાં લોકસભાની ૮૦ સીટો રહેલી છે. બંને પાર્ટી ૩૭-૩૭ સીટો પર ચૂંટણી લડી શકે છે.પત્રકાર પરિષદ દરમિયાન કેટલીક અન્ય બાબતોની પણ જાહેરાત કરવામાં આવી શકે છે. જો ગઠબંધન કરાશે તો ૨૫ વર્ષ પહેલાની જીતનુ પુનરાવર્તન થઈ શકે છે. બીજી બાજુ આજે સમાજવાદી પાર્ટીના નેતા અને પૂર્વ મુખ્યમંત્રી અખિલેશ યાદવે આજે કહ્યું હતુ કે, અમારી ગણતરી બિલકુલ યોગ્ય છે. ભાજપના કારણે જ અમે એક થઈ શક્યા છે.

## ફગાવી

● **અનુસંધાન પહેલાનું ચાલુ**

હાઈકોર્ટના જણાવ્યા મુજબ સીબીઆઈના ડાયરેક્ટર આલોક વર્માએ કરેલા આક્ષેપોની પુષ્ટી નથી થઈ પરંતુ અસ્થાના વિરુદ્ધ તપાસ ચાલુ રહેશે. અસ્થાના વિરુદ્ધ પૂર્વ સીબીઆઈ ડાયરેક્ટર આલોક વર્માએ કરેલી ફરિયાદને પગલે તેમની સામે પોલીસ કાર્યવાહીથી વચવા તેમણે હાઈકોર્ટમાં અરજી કરી હતી. હૈદરાબાદના બિઝનેસમેન સતીશ બાબૂ સનાની ફરિયાદના આધઆરે અસ્થાના વિરુદ્ધ એફઆઈઆર દાખલ કરવામાં આવી હતી. એફઆઈઆરમાં એવો દાવો કરાયો છે કે તેમણે સીબીઆઈ સ્પેશ્યલ ડાયરેક્ટરને ગત વર્ષે લગભગ ત્રણ કરોડ રૂપિયા આપ્યા હતા.

## વાયબ્રન્ટ સમિટ

● **અનુસંધાન છેલ્લાનું ચાલુ**

વિમર્શ કરશે. આ સત્રનો ઉદ્દેશ દેશ અને રાજ્યની આંતરમાળખાકીય જરૂરિયાતો માટે ભંડોળ એકત્ર કરવાનો છે.

વાયબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમિટ ૨૦૧૯ અંતર્ગત ભારતમાં સૌ પ્રથમ વખત રાઉન્ડ ટેબલ બેઠક યોજાશે. જેમાં ભારતના વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી, કેન્દ્રીય નાણામંત્રી અરૂણ જેટલી અને ગુજરાતના મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણી સહિત વરિષ્ઠ સરકારી પ્રતિનિધિઓ વૈશ્વિક ભંડોળના વડાઓ સાથે ભારત અને ગુજરાતમાં આ ક્ષેત્રે રહેલી વિવિધ તકો ઉપર વિગતવાર ચર્ચા-વિચારણા કરશે.

મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીના નેતૃત્વમાં આ વખતે નવમી વાયબ્રન્ટ ગુજરાત ગ્લોબલ ઈન્વેસ્ટર્સ સમિટ-૨૦૧૯ અંતર્ગત આગામી વર્ષ ૨૦૨૨ સુધીમાં વૈશ્વિક રોકાણકારો માટે પસંદગીનું શ્રેષ્ઠ કેન્દ્ર બનવા ગુજરાતે જે દોટ મુકી છે તેનો રોડમેપ ‘ગુજરાત સ્પ્રિન્ટ ટુ ૨૦૨૨’ અંતર્ગત સમગ્ર વિશ્વ સમક્ષ રજૂ થશે. આ ઈવેન્ટનો મુખ્ય ઉદ્દેશ મુખ્યમંત્રીએ જે સપનું સેવ્યું છે એવા ગુજરાતના ભવિષ્યના ભૌતિક અને સામાજિક આંતરમાળખાકીય વિકાસને પ્રદર્શિત કરીને આ સમિટમાં ગુજરાતની ભાવિ ઔદ્યોગિક શ્રેષ્ઠતાને વિશ્વ સમક્ષ મૂકવાનો છે. ગુજરાતમાં રાજકીય સ્થિરતા, શિક્ષણની સુવિધા, તબીબી સુવિધાઓ, રોજગારી તકો અને મજબૂત કનેક્ટિવિટી સહિતની સુવિધાઓ ઉપલબ્ધ છે જેના પરિણામે ગુજરાત શાંતિપૂર્ણ જીવન જીવવા માટે યોગ્ય સ્થળ છે તે દર્શાવવાનો પણ ઉદ્દેશ છે. અત્રે ઉલ્લેખનીય છે કે, આ ઈવેન્ટમાં મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણી ગુજરાતની ૨૦૨૨ અને તેથી આગળની ભાવિ વિકાસયાત્રાનું આગવું વિઝન રજૂ કરશે.

ગ્લોબલ સમિટના બીજા દિવસે તારીખ ૧૯ જાન્યુઆરીના રોજ મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણી અને કેન્દ્ર સરકારના એમએસએમઈ મંત્રાલયના રાજ્યમંત્રી (સ્વતંત્ર હવાલો) ગિરિરાજસિંહ એમએસએમઈ કન્વેન્શનનું ઉદ્ઘાટન કરશે. ઉપરાંત કન્વેન્શનમાં એમએસએમઈ ક્ષેત્રોના સહભાગીઓ માટે ટેકનીકલ સેશન પણ યોજાશે, જેમાં ઉદ્યોગ જગતના નિષ્ણાંતો ડિઝાઈન ટેક્નોલોજી અને મેનેજમેન્ટ, ક્રેડિટ અને ફાયનાન્સ તથા માર્કેટિંગ અને પોઝીશનીંગ ઈન ગ્લોબલ વેલ્યુ ચેઈન જેવા વિષયો પર વક્તવ્ય આપશે. એમએસએમઈ ક્ષેત્રના સહભાગીઓ વેન્ડર ડેવલપમેન્ટ પ્રોગ્રામથી લાભ પ્રાપ્ત કરશે જે એમએસએમઈ કન્વેન્શનનો ભાગ બનશે. વેન્ડર ડેવલપમેન્ટ પ્રોગ્રામ તમામ હિતધારકો માટે પરસ્પરના સંવાદ, જોડાણ અને સહભાગિતા માટેનું એક અસરકારક પ્લેટફોર્મ સાબિત થશે. આ પ્રોગ્રામના હિતધારકોમાં જાહેર ક્ષેત્રના એકમો, મોટા કદના ઉદ્યોગો, નાણાકીય સંસ્થાઓ અને સૂક્ષ્મ, નાના અને મધ્યમ કદના ઉદ્યોગોનો સમાવેશ થાય છે.

સમિટની દરેક આવૃત્તિ અગાઉની સમિટની તુલનામાં વિશાળ અને ફળદાયી સાબિત થતી રહી છે. આંકડાકીય દ્રષ્ટિએ હંમેશાં દરેક પરિમાણો જેવા કે, સહભાગીઓ, એમઓયુની સંખ્યા, રોકાણ તેમજ ભાગીદાર દેશોમાં સતત વધારો થતો રહ્યો છે. બંદરો, એરપોર્ટ અને માર્ગો દ્વારા વિશ્વનાં ૧૦૦ થી વધુ દેશો સાથે તથા સ્થાનિક વ્યાપાર કેન્દ્રો સાથે સીધા વ્યાપાર અને નિકાસ માટેની આંતરમાળખાકીય સુવિધા ગુજરાત રાજ્યમાં ઉપલબ્ધ છે. જેના પરિણામે ગુજરાત રાજ્ય રોકાણકારોનું રોકાણ માટેનું માનીતું સ્થળ બની રહ્યું છે.

## ગુણવત્તા સામે

● **અનુસંધાન છેલ્લાનું ચાલુ**

જિલ્લાની ૩૦૩ ગામોમાંથી ૬૦૦થી વધુ પેયજળના નમૂના ચોમાસા બાદ લેવામાં આવ્યા હતા અને તેનુ પરીક્ષણ લેબોરેટરીમાં થયુ હતુ. આ પરિણામોમાં ગાંધીનગર તાલુકાની સ્થિતિ સૌથી વધુ ચિંતાજનક જોવા મળી છે. જિલ્લામાં આગામી દિવસોમાં પેયજળની સ્થિતિ અંગે પણ બેઠકમાં ચર્ચાઓ થઈ હતી. ફ્લોરાઈડયુક્ત પાણી પીવાથી સાંધાના દુઃખાવા સહિતની ફરિયાદો વધી શકે છે. તો નાઈટ્રેટને કારણે દાંત પીળા પડી જવા સહિતની ફરિયાદો વધી શકે છે. જિલ્લામાં શાળા આરોગ્ય ચકાસણી દરમ્યાન દાંત અને આંખની તકલીફ ધરાવતા બાળકો વધુ જોવા મળી રહ્યા છે જે નોંધનીય છે.

## બિસ્માલ હાલત

● **અનુસંધાન છેલ્લાનું ચાલુ**

સેવા પણ મળતી નથી. રસ્તાની સુધારણા તેમજ ગટર સફાઈની કામગીરી પણ યોગ્ય રીતે થાય તે માટે પાટનગર યોજના વિભાગને રજુઆત કરવા બેઠક દરમિયાન નિર્ણય લેવાયો હતો. જયારે એસ ટી તંત્ર દ્વારા સિનિયર સિટીઝન્સને પણ રાહત આપવામાં આવે તે અંગે રજુઆત બેઠક દરમિયાન કરવામાં આવી હતી. બેઠક દરમિયાન મહામંડળના મયુર વ્યાસ, એમ સી નાયક,બી એ શુકલ, દિનેશસિંહ ચાવડા કીશોર જીકાદરા સુનિલ શાહ ભાનુ દવે નિલેશ જોષી, પ્રદિપ સોલંકી ,ભરત કવિ ચંદુજી ઠાકોર ડો પી ડી પટેલ સહીતના પદાધિકારીઓ હાજર રહ્યા હતા.

## સ્વાઈન ફ્લુ

● **અનુસંધાન છેલ્લાનું ચાલુ**

પોઝીટીવ જણાતાં ગાંધીનગર અમદાવાદ હાઈવે પરની ખાનગી હોસ્પિટલમાં તેને સારવાર માટે દાખલ કરવામાં આવેલ છે. હાલ આ દર્દીની સ્થિતિ સ્થિર હોવાનુ તંત્રના સૂત્રોએ જણાવ્યુ છે. ગત સપ્તાહે દહેગામની એક બાળકીને સ્વાઈન ફ્લુ જણાયો હતો અને તેણીનુ અવસાન થયુ હતુ.

જ્યારે કલોલની એક યુવતીને સ્વાઈન ફ્લુ પોઝીટીવ જણાયો હતો. સારવારને અંતે તે સંપૂર્ણ રીતે સાજી થઈ જતાં તેણીનીને હોસ્પિટલમાંથી રજા આપવામાં આવી છે. જિલ્લામાં ઠંડીનું જોર વધતાં જ સ્વાઈન ફ્લુનો વાઈરલ પુનઃ સક્રિય થયો છે. જિલ્લામાં શરદી-કફના દર્દીઓની સંખ્યામાં પણ નોંધપાત્ર વધારો થવા પામ્યો છે.